સાલ : ૭ / સિલસિલાવાર નંબર : ૭૫ / શુમારો : ૩ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ કુલ પાના - ૧૨

مشكوة الهادي
Mishkaat-ul-Haadi
મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદાઅવતમાં અખબાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. તા. ૧ રબીઉલ અવ્વલ ૧૪૩૧ હી., ૧૪-૨-૨૦૧૦

## -::: રસૂલુલ્લાહ મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) નું જિસ્મ મુબારક અને આદતો-અખ્લાક :::-

તીસરા દાઈએ મુત્લક સૈ.હાતિમ મોહીયુદ્દીન બિન સૈ. ઈબ્રાહીમ (ક.રૂ.) આપના કિતાબ "અલ-મજાલિસુલ હાતિમીયાહ" માં ફરમાવે છે કે, આપ (સ.અ.વ.વ.) નો લકબ ખૈરૂલ બશર અને ખૈરૂલ બરીયાહ છે. યાઅની, ફરઝંદાને આદમમાં આપ તમામ કરતા ખૈર છે, આઅલા-અફઝલ છે. સીરત-સૂરતમાં આપના મિસિલ બીજુ કોઈ નથી. મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) આપ નબી સાહબ (સ.અ.વ.વ.) વાસ્તે ફરમાવે છે કે, આપ (સ.અ.વ.વ.) ઘણા ઈકરામવાલા હતા. આપના ચહેરા મુબારક પરથી રોશનીની બારિશ થાતી હતી જાણે કે, પૂનમનો ચાઁદ ચમકતો હોય. આપના માથાના બાલ હર વક્ત કંગી કીધેલા-બરાબર ઉસ્તવાર થયેલા રહેતા. આપનું સર મુબારક કુશાદા હતું, દાઢીના બાલ દરાઝ હતા, કંગાઈ કીધેલા રહેતા હતા, હોંઠને નીચેના બાલ બારીક હતા અને માથાના બાલ કાનની બુટ્ટીને બહાર નીકલતા ન હતા. આપની પૈશાની ચોડી નૂરાનીદાર હતી, આઁખો કુશાદા અને તેના ભઁવરા લંબા હતા, કીકી કાલી હતી, જાણે સુરમો લગાવો હોય. **આપનો રોઅબો જલાલ ઘણો હતો, આપ હઁસતા ચહેરે ખુશ મિઝાજીથી બીજા ને મીલતા પણ આપની હયબત અને મહાબો બરકરાર રહેતો હતો.** આપ વકારવાલા અને બાસુકૂન હતા. આપનું નાક ઊંચુ નોકદાર, દાઢી લચ્છેદાર, ગાલ નરમ, મૂઁહ કુશાદા ચોખ્ખું, દાંત અલગ-અલગ સાફ સુથરા, મૂઁછ પતલી, કુમ્રી (સફેદ કબૂતર) ના ગરદન મિસિલ આપની ગરદન ઘાટીલી, ચહેરો મુબારક સફાઈમાં ચાંદી જેવો હતો. આપના જિસ્મનો કદ મોઅતદલ-દરમિયાની, છાતી પહોલી-કુશાદા, બેવે બાઝૂને વચમાં થોડી જુદાઈ, ન આપ લંબા ન ઠીંગણા, હાથ-પગ ભરાવદાર, ગાલ ચમકીલા નૂરદાર, પગ નરમ તાઝા અને તેના તલવા પતલા તેમજ આંગલા કુશાદા હતા. જે વક્ત આપ ચાલે તો આપના કદમને નીચેની ઝમીન હરકત કરે, કોઈને પલટીને જોઈ તો પૂરેપૂરા પલટી જાય ન કે ગરદનને જ ફિરાવે.

આપ અકસર કરીને આઁખોને મીચેલી રાખતા, હસ્બે ઝરૂરત આપ ઘણી જ ફિકર કરીને કોઈ પણ જિસ્મના આઅઝા સાથે કામ લેતા હતા. આપની નિગાહ આસ્માન કરતા ઝમીન પર ઝિયાદહ રહેતી હતી. આપ ખુશહાલ, હસમુખ અને ખુશ-તબીઅત હતા, જે વક્ત કોઈને સાથે મીલતા તો સામેવાલાની ઘણી ઈઝઝત કરતા અને એના દિલને ખુશ કરતા, એના પર સલામ બોલતા. દુનિયાના મુઆમેલામાં આપ દિલગીર રહેતા અને આખેરત વાસ્તે હરપલ ફિકરમંદ રહેતા, કોઈ વક્ત આપ આરામને પસંદ નહોતા કરતા બલ્કે, કોઈના કોઈ કામમાં મશ્ગૂલ રહેતા હતા. આપ ખામોશ રહેવાનું પસંદ કરતા હતા, જ્યાં ઝરૂરત હોય ત્યાં આપ બોલતા અને કામ સિવાય કોઈના સાથે ગુફ્તગૂ ન કરતા. **આપનો આવાઝ બારીક હતો, સુરીલો હતો અને તેમાં ઝોર એ મુજબ હતું કે, આપ ચાહે તો દૂર-દરાઝ જગાઓ પર આપનો આવાઝ પહોંચી શકતો હતો.** આપને કોઈ વાત પર તઅજ્જુબ થાતો તો, આપના જમણા હાથના અંગૂઠાને ડાબા હાથના અંગૂઠા પર મારતા, કોઈ સબબ સર આપને ગુસ્સો આવતો, નાઈત્તેફાકી થાતી યા કોઈ આપનો ઈન્કાર કરતો તો આપ મૂઁહને ફેરવી લેતા યા ઝુકી જાતા.

જે વક્ત આપ ખુશ થાતા, ફરહતમંદીના હાલમાં હોય તો અકસર કરીને આઁખોને મીચી દેતા, મૂઁહને બંધ કરી દેતા, દાંતોને હોઠમાં પોશીદા રાખીને હોઠને ફેલાવીને અંદર-અંદર મુસ્કુરાતા. આવાઝ કાઢીને

*(બકીયાહ પેજ નં. ૪ પર)*

**કમાયેલો પૈસો ફક્ત અપનો નથી પણ તેમાં બીજાઓનો હિસ્સો છે.**

# -::: દુનિયામાં રિઝકની વહેંચણી :::-

મૌલાના ઈમામ અઝીઝ (અ.સ.) અને મૌલાના ઈમામ હાકિમ (અ.સ.) ના ઝમાનના હુજ્જતે જઝીરા સૈ.અહમદ બિન ઈબ્રાહીમ નેસાબૂરી (રિ.અ.) એ **"ઇસ્બાતુલ ઇમામાહ"** નામી મશ્હૂરો માઅરૂફ કિતાબ તસ્નીફ ફરમાવો. આપે જે ઝમાનમાં આ કિતાબ ને તરતીબ આપી તે વક્ત મુસ્લેમીનના સમાજી, મઆશી, નફસાની અને ઝહેની હાલાતમાં ઈન્કેલાબ વાકેઅ થયો હતો અને ઈલ્મોદાનિશ, દીનો મઝહબની બહેસ અને ઝિક્ર તરફ લોગોનો ઝુકાવ અને રગબત વધતી જાતી હતી. તમામ ઈસ્લામી ફિરકામાં ઈમામતની હક્કાનીયત અને વુજૂદ પર બહેસો-દલીલ, કીલો-કાલ ના બાઝાર સરગર્મ હતા. આ ઈલ્મી સરગર્મીઓ દરમિયાન આપે ઈમામે ઝમાના મૌ.હાકિમ (અ.સ.) ની ઈમામતે સાબેતાની પુરજોશ દલીલો પૈશ કરીને ઈસ્લામી ઓલમા, મુફક્કેરીન અને ફિલસુફોની બોલતી બંધ કરી દીધી હતી. આપે આ કિતાબ ના આખિરી પાનાઓ પર દુનિયાની દૌલત અને સરવતની તકસીમ મખ્લૂકને દરમિયાન જે તરહની કુદરત કીધેલી છે, તેના પાછલ ઈલાહી ફેસલા અને મકસદના રાઝને બહેતરીન તરીકાથી અને ખૂબસૂરત બયાનીથી ફાશ કીધો. આપ આપના પુરજોશ લહેજામાં ફરમાવે છે કે, અમીરૂલ મુમેનીન ઈમામ હાકિમ (અ.સ.) ની આપની કૌમ પર એહસાન, રહેમત, દરગુઝરી અને સબર તો જોવ, હાલાંકે આ કૌમ બેઅદબ અને બદલેહાઝ છે. મારા જેવો જો અગર સોચે તો અલ્લાહતઆલાની જે પોતાની મખ્લૂક પર રહેમો કરમની નઝર છે તે જ નકશે કદમ પર અલ્લાહના હુકમને ઉચકીને અને તેની અદબોને દિલો જાનથી કુબૂલ કરીને અમીરૂલ મુમેનીનનો એના લોગો પર રહેમ કરવાનો અમલ કૌમની ઈતાઅતની બેરૂખીને બાવુજૂદ પૂરેપૂરો ઈલાહી શાકેલત પર છે.

બેશક, અલ્લાહતઆલા તેની મખ્લૂક પર એહસાન ઉતારે છે, ભલે ને એ ભલો હોય યા બુરો હોય, મુમિન હોય યા કાફિર હોય. જો અગર અલ્લાહતઆલા, મુમિનને દુનિયા આપે અને કાફિરને ન આપે તો મખ્લૂકનુ ઈમાન ન તો અલ્લાહ વાસ્તે રહે ન તો એના દીન વાસ્તે રહે પણ દુનિયા વાસ્તે થઈ જાય. અગર અલ્લાહતઆલા કાફિરોને દુનિયા આપે અને તમામ મુમેનીનને ન આપે તો ઘણા લોગો ઈમાનના દાએરામાંથી નીકલીને કુફ્રમાં દાખિલ થઈ જાય. તેથી જ અલ્લાહના ઈન્સાફમાં એ વાત સાબિત છે કે, તે કાફિરને આપે છે અને નથી પણ આપતો, મુમિનને આપે છે અને નથી પણ આપતો. એક જ વક્તમાં તે બેવેને આપે છે અને એક જ વક્તમાં તે બેવેને નથી પણ આપતો. આ જ તરહ ઈમામુઝઝમાન (અ.સ.), કાફિર યા મુમિન બેવેમાંથી કોઈ ને ઈનાયત કરે છે અને કોઈ વક્ત નથી પણ કરતા. કોઈક વક્ત મુમિન અને કાફિર બન્નેને આપે છે અને કોઈક વાર મુમિન યા મુનાફિકને તેનાથી મેહરૂમ પણ રાખે છે. એક જ વક્તમાં બેવેને આપે છે અને બેવેને ઈનાયત કરવાથી રોકે પણ છે. જો એમ હોય કે, હરએક મુમિનને આપ ઈનાયત કરે તો ઈમાનનુ નામ ફક્ત દુનિયાને હાસિલ કરવું થઈ જાય અને તમામ વક્ત મુમેનીનને ન આપે તો એ લોગો ઈમામની નઝરે ઈનાયતથી નાઉમ્મીદ થઈ જાય અને તેઓની નિય્યતો ડગમગી જાય. ઘણા વક્ત તો ઈમામ (અ.સ.) એક મુદ્દતે દરાઝ તક ઈમાનદારો ને તે ચીઝથી નવાઝતા હોય છે જે કોઈને આપતા નથી અને કોઈક વાર મુમેનીનની ખૈરીયત-ઈસ્લાહ ને વાસ્તે એક ઝમાના તક આપની નવાઝિશ રોકી લે છે. જેનાથી તે લોગો એવાઓના ગિરોહમાં ન થઈ જાય કે જેની ઝિક્ર કુરઆનમાં છે કે, **"કલ્લા, ઇન્નલ ઇન્સાન લયત્ગા અન રઆહુસ તગના,"** કોઈ વાર ઈન્સાન તાગી થઈ જાય છે કે,જે વક્ત તે દૌલતને હાસિલ કરે છે.

બેશક, અલ્લાહતઆલા જે મુજબ ભલા લોગોને દુનિયા આપે છે, તે મુજબ બદકારને પણ દુનિયાની દૌલતથી નવાઝે છે. શું કામ કે, ભલાઈનો કરનાર એને દુનિયા મીલવાના સબબ ભલાઈ ન કરે યા બદકારીથી પોતાની ઝાતને ન રોકે. પણ હકીકતમાં એ સમઝીને ગુનાહોથી પરહૈઝ કરે કે જો અગર એને દુનિયા મીલશે તો આખેરતનો નસીબો ચાલો જાશે લેહાઝા, એ અલ્લાહના દીન પર ખુલૂસ થી ચાલે છે. એ જ મુજબ ઈમામુઝઝમાન અમીરૂલ મુમેનીન (અ.સ.) બુરા અને ભલા બંને ઉપર કરમની નઝર રાખે છે. અલ્લાહતઆલા ઈતાઅતગુઝાર અને નાફરમાન બંનેને દુનિયા આપે છે, જેનાથી લોગોનું તેની તાઅત કરવું અને ગુનાહોંથી રૂકવુ દુનિયા હાસિલ

*(બકીયાહ પેજ નં. ૮ પર)*

**મહેકતા ફૂલ માહૌલને મહેકાવે છે તેમ એક સખી ઈન્સાન પૂરા કબીલાને રૌશન કરે છે.**

## -::: અખ્બારે દોઆતે મુત્લકીન (આ.કુ.) :::-

### ૧૮માં દાઈએ મુત્લક

# સૈયેદના અલી શમ્સુદ્દીન બિન સૈ. અબ્દુલ્લાહ (ક.રૂ.)

૧૯ માં દાઈએ મુત્લક સૈ. ઈદરીસ ઈમાદુદ્દીન સાહેબ (ક.રૂ.) બયાન કરે છે કે, જે વક્ત મારા બાવાજી સૈ. હસને રહેલત ફરમાવી તે વક્ત સૈ.અલી હાઝિર ન હતા પણ કાસિદના ઝરીએ ખબર પહોંચતા જ આપ ફૌરન હિસ્ને ઝમરમર ત્રણ દિનની સફર બાદ પધારા અને પોતાના ભાઈની કબરે અકદસની ઝિયારતથી ફૈઝયાબ થયા. આપ મૌલા આલમે શબાબમાં હતા, અક્લો ફહેમમાં કામિલ હતા, ફઝલો શરફમાં બેનઝીર હતા, આપની ઝબાન ફસાહતો બલાગતથી પુર હતી. આપની હિમ્મત અને ઈઝ્ઝત ઔજ પર હતી, શરીઅતે ગર્રાના આપ નમૂના હતા, ઝોહદો તકવાના મિનારા હતા.

આપ મૌલા સૈ.અલી અને આપના સૌથી નાના ભાઈ મઆદ, બંને સાહબોની રેહાઈશ હિસ્ને શિબામમાં ચંદ અરસા તક રહી. આપને ૭ ભાઈઓ હતા : (૧) હુસૈન (૨) ઈદરીસ (૩) અબ્દુલ મુત્તલિબ (૪) હસન (૫) અહમદ (૬) અલી અને (૭) મઆદ. આપ જે વક્ત મસ્નદ-નશીન થયા તે વક્ત આ ૭ ભાઈઓ માંથી ફક્ત એક ભાઈ મઆદ બાકી હતા, બીજા તમામ વફાત થઈ ચુકા હતા. આપનો ઝમાન ઘણો જ ઈમ્તેહાનનો ઝમાન હતો, દુશ્મનો વકતન-ફ-વક્તન મુમેનીન પર હમલા કરતા હતા, ઈઝા-મઝર્રત પહોંચાડતા હતા. પણ આપ હમેશા મુમેનીનને હિમ્મત અપાવતા અને હિદાયતથી કલ્બો ઝમીરને રોશન કરતા.

આ નાઝુક અને ઝઘડાઓના વકતમાં સનઆનો સુલ્તાન મઝબૂત થયો, ઈમાનનું નૂર એને ખટકવા લાગુ, મુમેનીનની દુશ્મની પર ઉતરી આવો અને ખૂબ ભારી હમલો કીધો. દરાઝ વકતથી દોઆતે હક્કના કબ્ઝામાં રહેલા હિસ્ને ઝમરમર અને હિસ્ને અફએદત નામના બંને કિલ્લાઓ સુલતાને જીતી લીધા. આ કિલ્લાઓમાં દોઆતના ઘણા જૂના આસાર હતા, મહેલો હતા, મઝારો હતા અને મુમેનીનના બેશુમાર મકાનો હતા. આ કિલ્લાઓ આપ મૌલાના હાથમાંથી ચાલા જાવાથી આપને ઘણો રંજો અલમ રહેતો હતો. આ મુબારક ઝમીનમાં દોબારહ દાઅવતે હક્કનું પરચમ લહેરાય તે વાસ્તે આપ હમેશા બારગાહે હક્કમાં દોઆ ફરમાવતા હતા.

જેમ રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) કુફ્ફારના ઝુલ્મના લીધે મક્કા છોડી હિજરત ફરમાવી ગયા હતા, તેમ આપ મૌલા પણ બની ગસ્સાનો મુલ્ક છોડીને બની અશરફના મુલ્ક તરફ હિજરત કરી ગયા. બની અશરફનો બાદશાહ અને વઝીર, હક્કના મુમેનીનના મુઆવિન અને મદદગાર સાબિત થયા, મુમેનીનના દાઈની ખિદમતમાં હાઝિર થયા. બાદશાહે આપ મૌલા વાસ્તે અમાનનામું લખી આપુ અને મુમેનીન વાસ્તે આ ઝમીન ઈત્મિનાનબખ્શ જગા અને કરારીયતની પનાહગાહ બની ગઈ.

થોડા જ વક્તમાં મુલ્કમાં બગાવતે માથું ઉંચુ કીધુ. લશ્કરીઓએ બાદશાહને કૈદ કીધો, હર જગા ખૂંરૈઝી શુરૂ થઈ, બાદશાહના મદદગારો ને કત્લ કરવામાં આવા, મુલ્કનો માહૌલ દરહમ-બરહમ થઈ ગયો, ચારે બાઝુ અંધાધુંધી ફેલાઈ ગઈ, લોગોમાં લુટફાટ થાવા લાગી. આ કશ-મ-કશના વકતમાં આપ મૌલા, હુદૂદ અને મુમેનીન સાથે બની અશરફનો મુલ્ક છોડીને હિસ્ને શિબામની તરફ રવાના થયા. કોઈ જગા આપને સુકૂન હાસિલ ન થયું પણ આપ દાઅવતના ઊમૂરને અંજામ આપવા પર લાઝિમ રહ્યા. જાણે આ મુસીબત ઓછી હોય તેમ આપ મૌલા તરફ હિન્દુસ્તાનથી બીજા ગમનાક અખ્બાર આવા કે, જાઅફર નહેરવાલી લઈને દાઈનો હોવાનો દાઅવો કીધો છે. અહલુલ બૈત (અ.સ.) ના મઝહબને ખિલાફ નવો ફિરકો ઊભો કરીને ફિત્નો શુરૂ કીધો છે. ઈલ્મો અમલના કાચા લોગોને હક્કની રાહથી બહેકાવી રહ્યો છે અને ઘણા એની મકરો દગાની જાલમાં ફસાઈ રહ્યા છે. આ અલમનાક ખબરથી આપને ગહેરો સદમો થયો. મુમેનીન આ ફિતનતથી મેહફૂઝ રહે અને તેઓનુ ઈમાનો યકીન સલામત રહે તે વાસ્તે આપ મૌલાએ કોઈ તાખીર કીધા બગૈર વાલીએ હિન્દને હિદાયતનામા રવાના કીધા. આપે તાકીદન દાઅવતના ઓલમાએ હક્કને જાઅફર લઈનની બાતિલ પરસ્તીની આગને બુઝાવવાનું ફરમાન કીધું.

*(બકીયાહ પેજ નં. ૮ પર)*

**દૂરથી ચીઝો જોવામાં ધોકો થાય છે તો દીન થી દૂર થાવામાં શયતાનનું ઝોર વધે એમાં કોઈ શક નથી.**

*(પેજ નં. ૧નું બાકી)* ***રસૂલુલ્લાહ મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.).....***

ઝોર-ઝોરથી આપ હઁસતા ન હતા. આપ કોઈને સાથ હાથ મીલાવે તો જ્યાં તક એ આપનો હાથ ન છોડે વહાઁ તક, આપ એનો હાથ પકડી રાખતા હતા. આપના ઘર પર કોઈ મહેમાન બનીને આવે તો જ્યાં તક, એ જાવાની રઝા ન માંગે વહાઁ તક, આપ એની ઈકરામ સાથે મહેમાન-નવાઝી કરતા હતા. જે વક્ત આપ ઘરમાં દાખિલ થાતા તો તેમાં ત્રણ હાલાત રહેતા : (૧) અલ્લાહતઆલાની રઝામંદી વાસ્તે (૨) અહલ અને બચ્ચાઓની હાજતો વાસ્તે (૩) પોતે ખુદની જાન વાસ્તે. આપ વક્તને એ મુજબ તકસીમ કરતા કે, ઘરવાલા અને લોગોમાં ઈન્સાફ કાઈમ થઈ શકે. ઘરની હાજિતોથી ફારિગ થઈને આપ લોગો વાસ્તે વક્તને નીકાલતા, ઉમ્મતની મસલેહતો વાસ્તે આપ ખૂબ ધ્યાન આપતા અને આપના તરફ આવનારને એના લોગોના હર વક્ત અખ્બાર પૂછતા હતા. આપ ફરમાવતા કે, **હાઝિર શખ્સ જે મારા કલામને સાંભલે એ ગાઇબ શખ્સ તક તેને પહોંચાવે.** અગર કોઈ શખ્સ પોતાની હાજિતને મારા નઝદીક પૈશ ન કરી શકે તો એ તે શખ્સ સાથે મને પહોંચાવે જે મારી મુલાકાતમાં આવતો હોય, **હું ઝરૂર એ લોગોના સવાલને પૂરા કરીશ અને જે શખ્સ આ મુજબ મારા સાથે રિશ્તો રાખશે, ઇખ્લાસ રાખશે તો બિલા-શક રૌઝે કયામત અલ્લાહતઆલા એ શખ્સને નૂરનો હાર પહેરાવશે.**

આપ કોઈ ચીઝનો ઝખીરો ન હોતા કરતા, જે ચીઝ હાઝિર હોય તે પોતાના વાસ્તે યા હાજિતમંદો વાસ્તે પૈશ કરી દેતા. અલ્લાહની નેઅમતો અને રિઝક પર બેહદ શુક્ર કરતા અને હર નાની ચીઝ પર કનાઅત કરવાની-ખુશ રહેવાની આપની આદતે શરીફાહ હતી. કોઈ પણ કૌમના મોટા-બુઝુર્ગ બાઈઝઝત શખ્સને આપ ઈકરામ આપતા અને એના સાથે ખુશ-કલામી કરતા. આપ હર કામને સચ્ચાઈ, હક્ક અને ભલાઈના મીઝાનમાં મુકતા, ખૈર કામને ખૈર અને બુરા કામને બુરૂં બતાવતા હતા. આપની ઝિમ્મેદારીની કોઈ પણ ચીઝથી આપ ગાફિલ નહોતા રહેતા, જે કોઈ ખૈરખ્વાહી કરે, બીજાને મદદ કરે એની બીજાને દરમિયાન હોંસલા-અફઝાઈ કરતા હતા. આપ કોઈ પણ મજલિસમાં જાતા તો જ્યાં બેસવાની જગા મીલતી વહાઁ બેસી જાતા અને આમ કરવાનો હુકમ પણ કરતા હતા. આપ બેસા હોય અને કોઈ મજલિસમાં શરીક થાય તો એને બેસવાની જગા આપે લેહાઝા, કોઈને માઅલૂમ ન પડે કે કોન અફઝલ છે યા કોન અદના છે. **આપની મજલિસ કે આપની સોહબત તે પુરહિકમત, સબરથી મુનવ્વર, શરમથી મુઝય્યન, ચકસાનીયત અને ઇત્તેહાદ પર મબ્ની હતી.** આપ કોઈના સામે ઝોરથી બોલતા ન હતા મગર કોઈ આપનાથી ઊંચો આવાઝ કરતુ તો આપ એના ગુનાહને બખ્શાવવા એના આવાઝને આપના આવાઝથી નીચો કરી દેતા. આપની સોહબત, મીઠાશ અને મોહબ્બતની સોહબત હતી.

આપ ઈલ્મો અમલ અને નૈક અખ્લાકના પૈકર અને મુજસ્સેમા હતા, તમામ કરતા વધીને અને ચઢીને હતા, આપની આ બાબતમાં તમામ પર સરદારી અને સરકારી હતી, આપના નઝદીક બધા જ નો હક્ક એક જેવો હતો. આપની મજલિસમાં આવનાર આપના મુખ્લિસ મુમિન ઈન્સાફ પસંદ, ફઝલો શરફમાં ઊંચા, અલ્લાહના ડરવાલા, બુઝુર્ગોની ઈઝઝત કરવાવાલા, નાનાઓ પર રહેમ કરવાવાલા, હાજિતમંદોની તલાશ કરવાવાલા અને મુસાફિરોની મદદ કરવાવાલા હતા. **આપ હમેશા ખુશ-ખુશ રહેતા, આપના મિઝાજમાં સાદગી-નરમી હતી, સખ્તી તો ઝર્રા બરાબર ન હતી, શક અને બિનઝરૂરી વાતથી તેમજ વધારે બોલવાથી આપ દૂર રહેતા.** જે વક્ત આપ બયાન કરતા તો અસ્હાબ પોતાના સરોંને ઝુકાવીને બેસતા જાણે કે, તેના પર પરિંદુ બેસુ હોય. મજલિસમાં જો કોઈ વાત પર બધા હઁસતા તો આપ પણ મુસ્કુરાતા, કોઈ વાત પર બધા તઅજ્જુબ કરતા તો આપ પણ એ મુજબ તઅસ્સુરાત આપતા. જો કોઈ બોલચાલમાં ભુલ કરતું, ગુસ્તાખી કરતું, બેઅદબીથી પૈશ આવતું તો આપ સબરથી કામ લેતા, એની ખતાને બતાવતા અને તેમાં ઈસ્લાહ કરવાનું કહેતા. આપ હરગિઝ કોઈની બિનઝરૂરી તાઅરીફ નહોતા કરતા, કોઈના કલામને તોડીને વચમાં નહોતા બોલતા. મગર જો કોઈ હદથી વધી જાતુ તો એને રોકતા યા ત્યાંથી ઊઠીને ચાલા જાતા. જે વક્ત આપ કોઈના પર રહેમ કરતા, ખૌફનો વક્ત આવતો, કોઈ ચીઝની અરઝ યા તજવીઝ પૈશ થાતી, કોઈ ફિકરની ચીઝ દરપૈશ થાતી તો આપ ખામોશી ઈખ્તિયાર કરતા હતા.

*(બકીયાહ પેજ નં. ૫ પર)*

**કુરઆનની તિલાવત બલંદ આવાઝથી થાય તો જેટલા ના કાન પર તેનો આવાઝ જાય એટલો સવાબ મીલે.**

(પેજ નં. ૪નું બાકી) **રસૂલુલ્લાહ મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.).....**

હિકમત-હિલ્મ અને સબર બેવેને સાથે-સાથે રાખતા લેહાઝા, આપને કોઇ વક્ત ગુસ્સો-ગૈઝ આવતો ન હતો. જે વક્ત આપ વાત કરતા તો તમામ પર એક જેવી જ નઝર ફિરાવતા. ફાની અને બાકી રહેનારી હરએક ચીઝોની આપ બરાબર માઅરેફત રાખતા અને તે વાસ્તે આપ ફિકરમંદ રહેતા હતા. નૈકીને પસંદ કરવી એ આપની તબીઅત અને જેબિલ્લતમાં હતું, બુરાઇ અને બદીને રદ-બાતિલ કરીને તમામ વાસ્તે બેહતરી-ઈસ્લાહ કરવાની આપની કોશિશ રહેતી હતી. આપ નબી સાહબના ખસાઇલ અને અખ્લાક પર ચાલવાની નસીહત મમ્લૂકે આલે મોહંમદ દાઇએ હક્ક (ત.ઉ.શ.) મુમેનીનને હર વક્ત હર મજલિસમાં કરે છે. અલ્લાહતઆલા આપની નસીહતને હમારા દિલમાં ઉતારે. ★

## યાદ-દેહાની અને કામકાજમાં આસાનીનો

## -::: ખાસ નુસ્ખો :::-

આજના તકાઝા અને માહૌલ એ મુજબ છે કે, હર કોઇ શખ્સ, નાનો હોય, જવાન હોય યા બુઝુર્ગ હોય પોતાની હાજતોને પૂરી કરવા વાસ્તે તકનીકી ચીઝોનો ગુલામ બની ગયો છે. કેલ્ક્યુલેટર, ટી.વી., મોબાઇલ, કોમ્પ્યુટર, બાઇક, એસી, ઈન્ટરનેટ, ફ્રીજ વગૈરાના સિવાય કોઇને ચાલતુ નથી. આ ચીઝો ફક્ત પૈસાદાર લોગો તક મેહદૂદ નથી પણ આજે આ બધી ચીઝોનો ઈસ્તેમાલ એટલી હદ તક વધી ગયો છે કે, એક માઅમૂલી શખ્સ પણ આનાથી મેહરૂમ નથી. ઈન્સાનની આદતમાં આ આરામ અને સહૂલત આપતી ચીઝો આવી જાવાના સબબ તેની જાલમાં ઈન્સાન એ મુજબ ફસાયેલો છે કે, હવે તેમાંથી નીકલવું નામુમ્કિન થઇ ગયું છે.

જેટલા જેટલા ઈલેક્ટ્રોનિક અને ઈલેક્ટ્રીક સાધનો બાઝારમાં મુકાય છે એટલો જ ઈન્સાન ઝહેની અને જિસ્માની તૌર પર કમ્ઝોર થાતો જાય છે. હર વક્ત એ રાહતને તલાશ કરે છે. યાદ રાખવાના કે યાદ કરવાના કામમાં પણ એ આવી જ ચીઝોનો સહારો લે છે કે, જેનાથી કામ જલ્દી કરી શકાય. પણ આમ કરવામાં કોમ્પ્યુટર અને કેલ્ક્યુલેટર હાથમાં આવવાથી એની કૂવતે હાફેઝા (યાદ શક્તિ) કમ થાતી જાય છે. પોતાના ઝહેન-દિમાગને જે તરહ ઝોર આપીને કામમાં લેવુ જોઇએ એ ન થાવાથી એની સોચવાની-વિચાર કરવાની આદતમાં કમી આવતી જાય છે. એક ઝમાનામાં લોગો હઝારો-લાખોનો હિસાબ કોઇ કાગઝ બગૈર એક ઝટકામાં કરી લેતા હતા, પણ આજે એવી લાચારી છે કે, નાના હિસાબ વાસ્તે પણ કેલ્સી બગૈર ચાલતુ નથી.

ઝહેની કમ્ઝોરી સાથે ઈન્સાન બેસબરીનો શિકાર બનેલો છે. **હર કામનો એક મુકર્રર વક્ત હોય છે.** હવે કોઇ, આ વક્ત આવતા પહેલા કામને પૂરૂં કરવાની કોશિશ કરે તો એની પૂરી મહેનત ઝાયેઅ જાય છે. કામ પૂરૂં ન થાવાથી ઈન્સાનની બેસબરી વધતી જાય છે, નતીજતન, અનેક કામોમાં નાકામી અને નાઉમ્મીદી મીલે છે. હર કામની બિના સહી વક્ત અને સબર પર રહેલી છે. સબરને સાથે લેવામાં આવેલુ હર કદમ ઈન્સાનને કામિયાબીની રાહ પર લઇ જાય છે. ગૈર ઝરૂરી તનાવ સાથે કીધેલું હર કામ તેમાં આસાની લાવવાને બદલે પૈચીદગી પૈદા કરે છે, જેમ કોઇ ચીઝને વધારે પડતી ખેંચવાથી તે તુટી જાય છે. **ઇબાદત, તાઅલીમ, રોઝી, શાદી, નવું મકાન, સફર, કારોબારની જગા, શિફા, ઔલાદ, સવારી** વગૈરાના કામોમાં જો નૈક નિય્યત, સબર અને સહી વક્ત હશે તો અલ્લાહતઆલા ઝરૂર તેમાં કામિયાબીનો સહેરો પહેરાવશે.

ચંદ અય્યામ બાદ જમાઅતના બચ્ચાઓની સ્કૂલ અને કોલેજના ઈમ્તેહાન શુરૂ થાશે. બચ્ચાઓને બરાબર યાદ રહે અને પેપરને પૂરા ઊબૂર સાથે લખે તે વાસ્તે કુરઆને કરીમની આયતોની બરકત ખૂબ કારગર રહે છે. બચ્ચાઓ ઈમ્તેહાન આપવા જાય તો પોતાની સાથે આ તાઅવીઝ લઇને જાય, લેમીનેશન કરાવી લે. ઘરમાં એક થી ઝિયાદહ ફરઝંદ હોય તો તાઅવીઝની ઝેરોક્ષ કરાવીને સાથે લઇ જાય. આ સાથે મુમેનીનને પોતાના કામકાજમાં નૈક સમઝ પડે, કામ આસાન થાય અને તેમાં દિલી સુકૂનને સાથે કામિયાબી મીલે તે વાસ્તે એક ખાસ નુસ્ખો આપેલો છે, જેને મુમેનીન પોતાના સાથે રાખે યા કારોબારની જગા પર હિફાઝતથી મુકી દે. (આ શુમારા સાથે બે તાઅવીઝો આપેલી છે.) ★

**માઁ-બાપની ઔલાદ વાસ્તે દોઆ દુનિયાના હઝારો ખઝાનાઓ કરતા બહેતર છે.**

# -::: મુગલ બાદશાહ અકબરની હકીકત :::-

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, દૌરે સતરની મુદત ૭ હઝાર વરસની છે, જેમાં હ.આદમ સફીયુલ્લાહ (અ.સ.) પહેલા નબી છે અને હું છેલ્લા ૧૦૦૦ વરસ વાસ્તે નબી બનાવીને મોકલવામાં આવેલો છું. અહલે હકીકત એમ લખે છે કે, આ ૭ હઝાર વરસ બાદ જો અલ્લાહ ચાહશે તો તેની મુદતમાં હિકમતે ઈલાહી મુજબ કમી-વધારો થાશે. ૨૬ માં દાઈએ મુત્લક સૈયદના બુરહાનુદ્દીન દાઊદજી બિન અજબશાહ (ક.રૂ.) ૯૯૭ હિ. માં દારે બકામાં રહેલત ફરમાવી ગયા. આપના મકામમાં સૈયેદના બુરહાનુદ્દીન દાઊદજી બિન કુતુબશાહ (ક.રૂ.) મસ્નદે તૈયેબી પર જલ્વાઅફરોઝ થયા. અલ્લાહતઆલાએ જે મુજબ આપના નામ **દાઊદ**ના આગલા-પાછલા બે **"દાલ"** માં બરકત અને સઆદત બખ્શી હતી એ જ મુજબ આપનો ઝમાનો નૈક-બખ્તીનો હતો. સૈયેદી ખૌજ બિન મલક કપડવંજી (રિ.અ.) આપના એક રિસાલામાં ફરમાવે છે કે, ૧૦૦૦ ના સાલમાં દાઅવતે હક્કના બુસ્તાનમાં બહાર આવી અને મુમેનીનના મુસ્તકબિલ રોશન થયા. હક્કના સાહબના પરચમ અને ખુશી-ખુર્રમી ઝમાનામાં ઝાહિર થઈ. તે સાથે જ અલ્લાહતઆલાએ દુન્યવી સલતનતના બાદશાહે અઝીમને હિન્દની સરઝમીન પર એના ઝોર અને ધાકથી મુસલ્લત કીધો. દુનિયાના તારીખ લખનારાઓ એના કલમથી જલાલુદ્દીન મોહંમદ અકબરશાહ અને મુગલીયાહ સલતનતના ગુન ગાતા હોય યા કસીદા પઢતા હોય, પણ હક્કની દાઅવતના મુઅર્રિખ સૈયદી ખૌજ સાહબ તે **ઝમાનાની હકીકતો પરથી પડદો ઉચકીને હૈરતઅંગૈઝ સચ્ચાઇ પૈશ કીધી છે.**

સૈયેદી સાહબ પોતાની તારીખની કિતાબમાં ફરમાવે છે કે, અકબરશાહે દીને ઈસ્લામને મુકી દીધું. પોતાની ઝાતને વલીએ ઝમાન હોવાનો પોકલ દાવો કીધો. એ કહેતો હતો કે, "ઈસા એના દીન પર છે, મૂસા એના દીન પર છે અને આ મારૂં દીન છે. અગર તે બધા નબીઓ એના ઝમાનાના અકલમંદો હોય, તો હું મારા ઝમાનમાં તમામથી અકલમંદ છું." એના ઝમાનાના હર કોઈ અમીર-સરદાર એની બયઅતમાં દાખિલ થયા અને એને પોતાની ઝાતને વાસ્તે ઉસ્તાદે આલમ અને ઈમામે આલમનો લકબ ઈખ્તિયાર કીધો. એં ફરમાન કીધું કે, હર કાગઝને નીચે આ મુજબ લખવામાં આવે, **"હું અકબરશાહનો મુરીદ છું"** અને ફરમાને સુલતાની કીધું કે, એના કિતાબો, કાગઝો, રિસાલા અને ફરમાન જે એના દીવાનખાના માંથી સાદિર થાય એના ઉપર **"અલ્લાહો અકબર"** લખવામાં આવે. આથી એની ગરઝ એ જણાવવાની હતી કે, પોતે ઝમાનાનો મોટો પરવરદિગાર છે. તે બાદ એં હિન્દુસ્તાનની તારીખ અને ચંદ મુસ્લિમ આલિમો ની તારીખમાં તબ્દીલી કીધી અને તેને **તારીખે ઇલાહી**નું નવું નામ આપું. એની સલતનતમાં એં કપડાની માપણી, તરાઝુના તોલ-કાટલા, તમામ ચીઝોની કીમતોની બંદિશ, ઈસ્લામી મહીનાઓ-દિન અને હરએકના નામમાં પાયાના ફેરફાર કીધા અને ફરમાન કીધું કે, આનું નામ "ફલાઁ ઈલાહી" યા બીજાનું "ફલાઁ ઈલાહી" છે. તેએ મુગલશાહીના સિક્કા રાઈજ કીધા અને રૂપિયો નામ આપુ અને તેના ઉપર પહેલે "અલ્લાહો અકબર જલ્લા જલાલોહુ" લખાવું અને તે બાદ "લા ઈલાહા ઈલ્લલ્લાહ મોહંમદુન રસૂલુલ્લાહ" લખાવું. એં એની બાદશાહતની બાગદોડ સંભાલા બાદ પહેલે જ વરસે ગાય-ભેંસને ઝબેહ કરવાની મનાઈ કીધી. બકરી-ઘેંટાની ઝબીહત આંતરે-બીજે દિન કરવાનુ ફરમાન કીધું. આમ ૬ મહીના બકરા-ઘેંટાને ઝબેહ કરવાની મનાઈ ફરમાવી અને ૬ મહીના જ તેને ઝબેહ કરવાની ઈજાઝત આપી.

એની સલતનતના આલિમોએ એને મશવરો આપો કે, કબર અને મઝારો ખોદી નાખવામાં આવે. જે વક્ત ઘરમાં કોઈ ગુઝરી જાતુ તો અકબરશાહ હુકૂમત તરફથી તે ઘરના લોગોને જમવા-પીવા વાસ્તે કહેડાવતો અને મરનારનો સોગ યા ગમ ન મનાવવા વાસ્તે રગબત અપાવતો. તેએ ગુઝરી ગયેલાઓની કબરોમાંથી હાડકા નીકાલાવા અને મોહલ્લા, બાઝાર તેમજ ગલીઓની કબરોને મીટાવી દીધી. અહમદાબાદમાં ઘણી કબરોને શહીદ કરી નાંખી. મસ્જિદોને તોડવાનો હુકમ કીધો, અઝાનની નિદાને રોકાવી દીધી અને મસ્જિદોના સહેનોમાં હાથી અને ઘોડાઓને બંધાવા. જે વક્ત અહલે ઝાહિરના આલિમોને બાદશાહના આ મુજબના ગૈર શરઈ અને ગૈર દીની અમલના બારામાં પૂછવામાં આવતું તો તે લોગોને નઝદીક આનો કોઈ જવાબ સુધરતો ન હતો. બલકે, કોઈ આલિમને પૂછવામાં આવતું

*(બકીયાહ પેજ નં. ૭ પર)*

**કોઈ દૌલતને જમા કરવામાં ઝિંદગી ગુઝારી દે છે તો કોઈ સવાબ કમાવવામાં જાનને ઘસી નાખે છે.**

## -::: ઈન્તેકાલ પુર મલાલ :::-

નામ : **ફિદાહુસૈન શેઠ નૂરભાઇ પેટીવાલા**
સરનામું : બદરી મોહલ્લા, વાડી, વડોદરા.
વફાતની તારીખ : ૨ મોહર્રમ ૧૪૩૧,
૧૮ ડીસેમ્બર ૨૦૦૯, જુમ્આ. ★

નામ : **શબ્બીરહુસૈન ઝિયાઉદ્દીન કોઠીવાલા**
સરનામું : બહાર કોલોની, આજવા રોડ, વડોદરા.
વફાતની તારીખ : ૧ સફર ૧૪૩૧,
૧૬ જાન્યુઆરી ૨૦૧૦, શનિવાર.
ફોન : ૯૮૨૪૫૮૬૦૫૦. ★

નામ : **હુસૈનાબુ હુસામુદ્દીન કંજરીવાલા**
સરનામું : ૩૦૬, બીજા માલે, અલવી એપાર્ટ.
હરણખાના રોડ, પાણીગેટ, વડોદરા.
વફાતની તારીખ : ૫ સફર ૧૪૩૧,
૨૦ જાન્યુઆરી ૨૦૧૦, બુધવાર. ★

નામ : **શીરીનબુ ફિદાઅલી પોપટવાલા**
સરનામું : બદરી મોહલ્લા, વાડી, વડોદરા.
વફાતની તારીખ : ૯ સફર ૧૪૩૧,
૨૪ જાન્યુઆરી ૨૦૧૦, રવિવાર.
ફોન : ૯૨૨૮૧૪૫૨૨૪. ★

(મુમેનીનને મરહૂમના ફાતેહા પઢવા વાસ્તે ઈલ્તેમાસ છે.)

---

નોંધ : જે મુમેનીન આ અખ્બારમાં ફોટા સાથે કોઈ પણ મૌકાની ખબર આપવા માંગતા હોય, તો તેના વાસ્તે રૂા.૭૫/- હદીયો મુકર્રર થયેલો છે. આ ખબરને વેબસાઈટ પર મુકવી હોય તો તેનો અલ-હાદી સાથેનો કુલ હદીયો રૂા.૨૦૦/- રાખવામાં આવો છે.

---

*(પેજ નં. ૬નું બાકી)* ***મુગલ બાદશાહ.....***

તો તે કહેતો કે, **"નઊઝોબિલ્લાહ, બાદશાહ કાફિર થઇ ગયો છે."** પણ હકીકતમાં બાદશાહના બચાવમાં તે લોગોને પાસે કોઈ દલીલ યા હુજ્જત રહી ન હતી. તે લોગો બાદશાહના ધાક-ધમકીમાં એવા આવી ગયા હતા કે, કોઈ પણ શખ્સ એ લોગોને નઝદીક જાતો તો તેઓ એને દાઢી મૂંડાવવાનું ફરમાન કરતા અને બાદશાહના નઝદીક સજદો કરાવતા. આ છલ-કપટ કરનારાઓ ફકત મુરદાર દુનિયાની લાલચના તલબગાર હતા અને એ લોગોના દિલોમાંથી દીનદારીની જાન નીકલી જાવાના સબબ એવા મુરદાર થઈ ગયા હતા કે, ન તો વકત સર નમાઝ પઢતા ન કે રોઝાના પાબંદ રહેતા.

હિ.૧૦૦૩ માં તો એ મુજબનો કૌમી ફિત્નો અને બિદઅતોનો દૌર બરપા થયો, અલ્લાહતઆલાનો કહેરો ગઝબ નાઝિલ થયો કે, સાબરમતી નદી પૂરી તરહથી સુકાઈ ગઈ. તેમાં પાનીનો એક કતરો બાકી ન રહ્યો અને તે વકતના દીનદાર-પરહૈઝગારોએ સાર નીકાલો કે, બાદશાહની લાદીનીયત અને ઝુલ્મો સિતમના સબબ જે નદી વરસો વરસ તક સુકાઈ ન હતી, તેમાં પણ હવે પાનીનો કતરો બચો નથી. આ તમામ આફતો બલાના અય્યામમાં અલ્લાહતઆલાએ સૈયેદના દાઊદજી બિન કુતુબશાહ (ક.રૂ.) ના દસ્તે મુબારક પર તમામ શહેરોમાં મુમેનીનની જાન-માલની સલામતી અને અમાનત બખ્શી. સૈયેદના સાહબના મોઅજિઝાત બાહેરાત ઝમાનામાં આશ્કાર થયા કે, બાદશાહે મુગલીયાહ આપને અને આપના મુમેનીનને ઝર્રા બરાબર પણ નુકસાન પહોંચાવી શકો નહીં. આપ મૌલાની દોઆઓના સબબ અલ્લાહતઆલાએ મુમેનીનને આ ઘાટી માંથી સહીહો સાલિમ બચાવી લીધા. ★

## -::: નાઅતે રસૂલ (સ.અ.વ.વ.) :::-

ઇશ્કે નબીમેં ક્યા મુઝે નિસ્બત ફના કે સાથ,
વાબિસ્તા મેરી ઝીસ્તા હૈ જબનક્શે ભા કે સાથ.
પૈશે ખુદા ચલે હૈ ગુનેહગાર હશ્ર મેં,
આ જાઇએ હિજાબે તઅય્યુન ઉઠા કે સાથ.
બરહક્ક ખુદાભી ઉસકી ખુદાઇ ભી હૈ મગર,
મેરા મુઆમલા હૈ રસૂલે ખુદા કે સાથ.
મેહબુબે કીબ્રીયા કી ફસાહત કો દેખકર,
લો હો ગયે કલીમ ભી બાતેં બના કે સાથ.
ઇશ્કે રસૂલ મુઝકો હૈ ઝાહિદ કો ફીક્રે ખુલ્દ,
મૈં દર્દ કી પનાહ મેં હું વો દવા કે સાથ.
મેહશરમેં અંબિયા કે મકામાત હૈ મગર,
ઉમ્મત કી તરહ સબ હૈ હબીબે ખુદા કે સાથ.
ખાવર હુઝૂર કાબિલે ખિદમત નહીં મગર,
લે લીજીયે શુઉરે અકીદત બડહા કે સાથ. ★

**કોઈનું દિલ દુખાવવામાં હઝાર વક્ત સોચજો કેમકે એ જાણજો કે તમારૂ પણ એક દિલ છે.**

*(પેજ નં. ૩ નું બાકી)* ***અખ્બારે દોઆત.....***

સદમા અને ફિકરની હાલતમાં આપનુ બદન લેવાતુ ગયું અને કમ્ઝોરી-નાતવાની જિસ્મમાં ઘર કરી ગઈ. આ આલમમાં આપ મૌલાને મેહસૂસ થયું કે, હવે મારી રહેલતનો વક્ત કરીબ છે, તેથી આપે સૈ.ઈદરીસને તમામ હુદૂદ સાથે તલબ કીધા અને સઘલાના રૂબરૂમાં આપના મોટા ભાઈના ફરઝંદ સૈ.ઈદરીસ પર નસ્સેજલી કરી દાઅવતે હાદીયાહની લુગામ સોંપી. આપ ૩ સફર ૮૩૨ હિ. ના દિન દારે ફનાથી દારે બકા તરફ રહેલત ફરમાવી ગયા. આપનો મઝારે અન્વર હરાઝના મશ્હદ શારેકાને નઝદીક છે. આપની દાઅવતની મુદત ૧૦ સાલ ૪ મહીના અને ૭ દિનની રહી છે. ★

*(પેજ નં. ૨નું બાકી)* ***દુનિયામાં રિઝકની વહેંચણી.....***

થાવાના સબબ ન હોય પણ અલ્લાહની રઝામંદી હાસિલ કરવાના ખુલૂસથી હોય. તે જ મુજબ ઈમામુઝ્ઝમાન ગુનાહગાર અને ફરમાઁબરદાર બેવેને અલ્લાહના અમલના પગલે નવાઝે છે જેનાથી લોગોની આપના વાસ્તે તાઅત દુનિયાના મીલવાના સબબ ન હોય. આમ જો કોઈ કરે, તો એ આખેરતનો સવાબ જ ખોઈ બેસે ! સૈયેદના નેસાબુરી ઈબાદતગુઝાર અને બેનમાઝી, આલિમ અને જાહિલ, આકિલ અને અહમક, ઝાલિમ અને આદિલ, સખી અને બખીલ, શરીફ અને કમીનો, બાઈઝ્ઝત અને ઝલીલ, ઉમ્મીદવાર અને રૂસ્વાની મિસાલ આપીને હરએકને એના એહસાનનો હિસ્સો મીલે છે જેની ખુશ-બયાની આપ સૈયેદના કરે છે. ★

*(પેજ નં. ૯નું બાકી)* ***હિકમતના લોગો.....***

ઉંમર પછી તે દૂર થઈ જતો હોય છે. એવા cases કે જેમાં asthma severe હોય તો એમાં લંબા વક્ત તક treatment કરવી પડે છે. Homeopathy માં childhood asthma વાસ્તે complete ઈલાજ છે. Homeopathic દવાઓ અસ્થમા ના attack ને રોકે છે અને અગર attack આવે તો પણ જલ્દીથી કાબૂમાં આવી જાય છે. એવા cases કે જે લાંબા વક્તથી allopathic ઈલાજ પર હોય છે. તેમાં inhalers અને steroids અચાનક બંધ કરી દેવું નુકસાન કારક હોય છે. થોડા વક્ત તક homeopathic દવાઓ લેવા બાદ ધીરે ધીરે inhaler બંધ કરવું ઝરૂરી છે. ★


## -::: ઝાહેર ખબર :::-

### લામેઆ અલી અસ્ગર કલીપવાલા

મો.: ૯૭૧૨૯૯૭૮૬૦

સી-ગુલીસ્તાન, આજવા રોડ, વડોદરા.

દિલકશ મોતીઓના સેટ, સ્ટોન સેટ રૂા.૧૦૦/- થી નજીવી કિંમતથી શરૂ થાય છે જે તમારા ચહેરાની ખૂબસૂરતી વધારશે. કેઝયુઅલ વેસ્ટર્ન જ્વેલરી રૂા.૨૦/- થી ખૂબ જ ઓછી કિંમતમાં તમારા કપડાના રંગોને અનુસાર બનાવી આપવામાં આવશે, સાથે મીરર ડેકોરેશન (આઈના), જાત જાતના કપડાના રંગીન ફૂલો અને મીણબત્તી બનાવતા શીખવાડવામાં આવે છે. ★

### અલીફીયા સોરંગવાલા

મો.: ૯૫૩૭૫૧૯૮૬૭

ઘરના વાતાવરણમાં પૌષ્ટીક નાસ્તા સાથે તમારા બાળકના ભવિષ્યનો પાયો મજબૂત કરો. ૨ વર્ષથી ૪ વર્ષ સુધીના બાળકોને એડમીશન આપવામાં આવે છે. JKG, SKG, 1st, 2nd, 3rd સુધીના ટયુશન અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમના આપવામાં આવે છે.

કોમ્પ્યુટર કલાસમાં બેઝીક, ટેલી, ડી.ટી.પી, સી. પ્લસ પ્રોગ્રામ અને ડિપ્લોમાં (ડી.સી.એ.) તથા ઓફિસ વર્ક ખૂબ જ સરળતાથી અને વ્યાજબી ભાવે શીખવાડવામાં આવે છે. ★

### માસુમા બુટીક

૧૩-૧૫, સૈ.મુસનજી તાજ સાહેબ શહીદ દરગાહ, પાણીગેટ, વડોદરા - ૧૭.

**દુલ્હન જોડીઓ, નમાઝી તથા ફેન્સી જોડીઓ, કાપડમાં રિદા-કુર્તા-સાયા-સુસી-જાજમ-પડદા-એહરામ-કોટન-વગૈરા, ફેન્સી રિદાઓ અને પંજાબી, મસલ્લા અને હદીયાની અનેક આઇટમો વાજબી ભાવે મળશે.**

ફોન : ૯૯૧૩૭૩૪૮૬૬, ૨૫૧૨૬૩૮, ૨૫૬૦૯૦૯. ★


**લોગો દુનિયાની ઈમ્તેહાન વાસ્તે તો ઘણી મહેનત કરે છે પણ એટલી ફિકર આખેરતના ઈમ્તેહાનમાં પાસ થાવા કેમ કોઈ કરતું નથી !**

**ઝમીન પર નાના અને ધીમા કદમથી ચાલો, એક દિન તમને તેની આગૌશમાં સુવાનું છે.**

## -::: હિકમતના લોગો વાસ્તે " હકીમસાબ " ના નુસ્ખા :::-

### Childhood Asthma (બાળપણનો અસ્થમા)

➪ બચ્ચાઓને, હાલના માહૌલમાં વારંવાર શરદી અને ખાંસી થતી હોય છે. મોટા ભાગ ના cases માં treatment કરાવવાથી આ ચીઝ દૂર થઈ જાય છે મગર થોડાક cases માં હર વક્ત બચ્ચાને treatment કરાવવા બાવજૂદ લાંબા વક્ત તક ખાંસી રહે છે. ખાંસીને સાથે સાથે બચ્ચાને હાંફ ચઢે છે (સાંસ લેવામાં તકલીફ) યા રાતે સૂતી વક્તે સસની-સીપી જેવો અવાજ બોલે છે. અગર આ તકલીફ બચ્ચાને ૩-૪ વક્ત મુસલ્સલ થાય તો તેને childhood asthma કહે છે.

➪ હમણા ના doctors આ બીમારીને અલગ અલગ નામ આપે છે જેવા કે bronchitis, allergic cough, wheezing, વગેરે. આ બધા નામો નો સહી diagnosis childhood asthma છે. હમણા આ તકલીફ વધી રહી છે, ખાસ કરીને ઠંડા મૌસમમાં આ તકલીફ ઝિયાદહ થાય છે. અસ્થમાની તકલીફ pollution ના સબબ પણ થાય છે. દિવાલીના વક્ત જ્યારે હવામાં ધુમો હોય છે તો જેને asthma હોય તેને વાસ્તે શહેરમાં રહેવું દુશ્વાર થઈ જાય છે.

➪ અસ્થમા માં શું થાય છે ?

✱ જ્યારે asthma નો attack આવે છે ત્યારે air passages માં સોજો આવે છે અને passages સંકોચાય જાય છે. જ્યારે આ process થાય છે ત્યારે બચ્ચાને સાંસ લેવામાં તકલીફ પડે છે. સોજા ના લીધે passages માં ચીકનું mucus ભરાય જાય છે જેના સબબ ખાંસી થાય છે. ખાંસી કરવાથી પણ mucus બાહર આવતુ નથી એટલા માટે ખાંસી વારંવાર આવે છે. આવા સંકુચીત થયેલા passages માંથી હવા નીકલે છે તો સસની (wheezing) બોલે છે. આ process યા attack ને અસ્થમા કહે છે.

➪ Childhood asthma ના કારણો યા એવી ચીઝો જેનાથી તકલીફ વધી જાય છે :

✱ ઠંડીની મૌસમ

✱ Pollution - કોઈ પણ તરહ નો ધુમાડો

✱ allergy

✱ Positive family history

✱ Refined અને Junk food.

➪ Childhood asthma ના symptoms :

✱ વારંવાર અને લંબા વક્ત તક ખાંસી રહેવી.

✱ સસની બોલવી.

✱ વધારે કામ કરવાથી યા રમવાથી હાંફ ચઢવો.

✱ સાંસ લેવામાં તકલીફ થાવી.

➪ જે વક્ત asthma નો attack આવે ત્યારે શું કરવું :

✱ જે ચીઝથી attack આવો હોય તેને દૂર કરો.

✱ જે poition માં બચ્ચાને રાહત મેહસૂસ થાતી હોય તે હાલતમાં રેહવા દો.

✱ ગરમ પાની નો બાફ આપો.

✱ અગર એની treatment જારી હોય અને inhaler હોય તો તરત જ એને dose આપી દેવો.

➪ અસ્થમા નો ઈલાજ :

✱ Allopathic doctors આ બીમારીમાં બચ્ચાને steroids અને inhalers આપતા હોય છે, જેના ઘણા side effects હોય છે. Childhood asthma ના મોટા ભાગના cases માં ૭-૮ વરસની

*(બકીયાહ પેજ નં. ૮ પર)*

## -::: લફ્ઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે લફ્ઝી કશ-મ-કશને નવા અંદાઝથી પૈશ કરવામાં આવે છે. આમાં ખાના આપેલા છે જેમાં નંબર મુજબ સવાલ પૂછવામાં આવો છે. દરમિયાનનું ખાનું ખાલી રહેશે અને બાકીના ખાના જવાબ સહી હોવાના સાથે ભરાઈ જશે અને પૂરી તરકીબ મુકમ્મલ થઈ જશે. નીચે આપેલી કશ-મ-કશને સહી તૌર પર પૂરી કરી તેને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તેઝ કરો.....

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | ■ | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**ઊભી તરકીબ :**

(૧) જે નબીએ કિશ્તી બનાવી. (૨)

(૨) તમામ ચીઝોનો જાણકાર. (૩)

(૩) નમાઝે જનાઝા બાદ મૈયેતને ----- કરવામાં આવે છે. (૩)

(૭) કબીસાના વરસમાં ઝિલહજ્જના ---- દિન હોય છે. (૨)

**આડી તરકીબ :**

(૨) "અલ્લાહતઆલા એક છે" અરબીમાં આને શું કહેવાય. (૩)

(૪) નિકાહ પઢવા દીકરી પોતાના તરફથી ---- ને મુકર્રર કરે છે. (૨)

(૫) દુનિયાની હર ચીઝ ----- થાનાર છે. (૨)

(૬) "વઅતસમ્તો બે હબ્લિલ્લાહિલ -----". (૩)

**ગયા શુમારાનો ખુલાસો :**

| | | | | |
|---|---|---|---|---|
| | | બ | | |
| | હ | દી | સ | |
| બા | કી | ■ | બ | જા |
| | મ | ઝા | ર | |
| | | દ | | |

★

## હિન્દુસ્તાનીઓ વાસ્તે શરમનો સબબ
## -::: ખરાબ આદતો :::-
## જે બીજા મુલ્કના લોગો નાપસંદ કરે છે

- રસ્તાના કોઈ પણ કોનામાં, કમ્પાઉન્ડ વોલ પર, ગલીના ખાંચામાં, ઓછી અવર-જવરની જગા પર ઊભા રહીને પૈશાબ કરવી.
- ખુલ્લી જગાઓમાં, ખેતરોમાં, રસ્તાઓ પર પાખાના કરવું, નજાસત કરવી.
- ઘરને બાહરની જગાઓ ગંદી રાખવી, સફાઈમાં લાપરવાહી કરવી. ઘરના દરવાઝાને નઝદીક દાતન કરવું, કપડા કે વાસણ ધોવા.
- પાન, પડીકી, તમાકુ ખાઈને દાદરના કોનામાં, મકાનના ખોચામાં યા જ્યાં જગા મીલી ત્યાં પીચકારી મારવી.
- ચાલતા-ચાલતા રસ્તામાં થુકવું, બલગમને સરેઆમ સડક પર નીકાલવા.
- જ્યાં પણ ખુલ્લી જગા મીલે ત્યાં બાકડા મુકવા, ઓટલા બનાવવા કે ઝુપડી બનાવીને રહેવું.
- સાયા વાસ્તે કોઈ મકાન ન મીલે તો જ્યાં મન લાગે ત્યાં ચાદર નાંખી યા ખાટલો મુકીને સુઈ જાવું. ફુટપાથને ઘર બનાવી લેવું.
- રસ્તામાં ઊભા-ઊભા કોઈ પણ જગા પર, લારી-ખુમચા આગલ ખાવું-પીવું.
- સોહબત અને જગા નો ખયાલ કીધા બગૈર આવાઝ કાઢીને હવાને બદબૂદાર કરવું.
- જમી રહ્યા બાદ બીજાને નઝદીક ઝોરથી ડકાર ખાવો યા આવાઝ કાઢીને બગાસો ખાવો.
- કોઈ મદદ કરે તો એને શુક્રીયા ન કહેવું. એહસાન-ફરામોશી કરીને પીઠ બતાવી ચાલા જાવું.
- કોઈને નુકસાન થયું હોય યા તકલીફ થઈ હોય તો માફી ન માંગવું કે દરગુઝરીના કલામ ન કહેવા.
- રસ્તામાં કોઈ હાદેસો થયો હોય તો એની મદદ પર ન જાવું યા મારપીટ કરીને યા એક્સીડન્ટ કરીને નાસી છુટવું.
- પડોશીનો કોઈ ખયાલ ન રાખવો અને કોઈ ચીઝ બને તો શોર બકોર કરવો.
- ચાલતા-ચાલતા કોઈને પૂછવું કે કઈ તરફ જઈ રહ્યા છો યા ક્યાંથી આવા છો ?
- ઈન્સાની અકદાર (moral values) મુજબ ઈન્સાનની ઈઝઝત કે એહતેરામનો ખયાલ ઘણો કમ રાખવો. ★

**જો તમેં કુરઆન પઢશો તો તમારૂં દિમાગ રૌશન રહેશે.**

## -::: ઝાહેર ખબર :::-

### બદરી સ્વીટસ

**અમારે ત્યાં મુંબઇ તથા વડોદરાની પ્રખ્યાત મિઠાઇઓ, ફરસાણ મળશે. લગ્ન તેમજ શુભ પ્રસંગના ઓર્ડર લેવામાં આવશે.**

*૩, અલવી એપાર્ટમેન્ટ, હરણખાના રોડ, પાણીગેટ,*
વડોદરા - ૩૯૦ ૦૧૭.
ફોન : ૦૨૬૫-૨૫૬૨૫૭૨ મો.: ૯૫૮૬૮૮૪૭૭૩ ★

### ફાઈન આર્ટ કલાસ

➙ ફેબ્રીક પેઈન્ટીંગ, એમ્બોસ પેઈન્ટીંગ, જરીવર્ક, બીડસ વર્ક તથા એમ્બ્રોઈડરી વર્ક શીખવા માટે.
➙ જરી વર્ક માટે જરી પાવડર, ગ્લૂ તથા અન્ય મટીરીયલ્સ વ્યાજબી ભાવે મેળવવા.
➙ ઓર્ડર મુજબ આકર્ષક ડ્રેસ, રીદા, ઘાઘરા-ઓઢણાં ઉપર વર્ક તેમજ પેઈન્ટીંગ કરવા માટે.

કોન્ટેક્ટ : બુરહાના એમ. ગોદીવાલા,
એ-૩૨, બહાર કોલોની, આજવા રોડ, વડોદરા - ૧૯.
મો.: ૯૯૯૮૫૮૨૭૧૬ ★

### રાજ ગ્રાફીક્સ એન્ડ ડીઝાઈનીંગ સેન્ટર

**દરેક પ્રકારનું પ્રીન્ટીંગ વર્કસ, ફલેક્સ/બેનર, મલ્ટીકલર વી.કાર્ડ તેમજ ડીઝાઇનીંગ વર્કસ કરી આપવામાં આવશે.**

૧૦૦% પ્રેકટીકલ જોબ વર્ક સાથે ફક્ત ડીઝાઈનીંગ શીખવાડવામાં આવશે.

Limited Student Only.

શબ્બીર પીઠાવાલા    ફાતેમા ચીમનીવાલા
મો.: ૯૮૨૪૩૦૩૨૫૧    મો.: ૯૨૨૮૭૭૪૭૬૨
૭, રીયાઝ એપાર્ટમેન્ટ, મહાવીર હોલ પાસે,
આજવા રોડ, વડોદરા - ૧૯.★

### એમ. એમ. ગ્લાસ

**(મોહસીન એસ. સુરતી)**

ફોન : ૨૫૨૧૫૬૯ / ૯૮૨૫૫૫૨૧૫૧

**દરેક પ્રકારના બારી બારણાંના કાચ તથા એલ્યુમિનિયમ સેક્સન બારી-દરવાજા-પાર્ટીશન ના કામ માટે.**

જી-૧, શાલીમાર ફલેટસ, ટેલીફોન એકસચેન્જ, પાણી ની ટાંકી પાસે, આજવા રોડ, વડોદરા. ★

## -::: ઝાહેર ખબર :::-

### અલી ફોટોગ્રાફર્સ

કોઈપણ પ્રકારના પ્રસંગ-ફંકસનની ફોટોગ્રાફી, ઈન્ડસ્ટ્રીયલ તેમજ પ્રોડકટ ફોટોગ્રાફી, ફેમેલી અથવા ગ્રુપ ફોટો **ડીજીટલ** કેમેરાથી પાડી આપવામાં આવશે.

ઓર્ડર માટે કોન્ટેકટ કરો : **મોહંમદઅલી કાચવાલા**
એ-૨૦૫, “બૈતુન્નૂર” બોરસલી એપાર્ટમેન્ટ,
તૈયેબી પાર્ક પાસે, આજવા રોડ, વડોદરા - ૧૯.
મો.: ૯૯૦૪૪૭૦૪૯૮ ★

### અયમન હોઝીયરી

**દરેક પ્રકારની બ્રા, પેન્ટી, સ્લીપ, ફેન્સી સેટ તથા લેડીઝ ઇનર વેર વ્યાજબી ભાવે મીલશે.**

*તરન્નુમ ઝહીર કાચવાલા*
વાડી, સ્વામીનારાયણ મંદિર પાછલ,
પુરાવાલાની ચાલી સામે, રફાઈ મોહલ્લા,
વડોદરા - ૩૯૦ ૦૧૭.
ફોન : ૩૦૨૪૩૩૯ મો.: ૯૦૧૬૪૨૦૩૬૧૦ ★

**....કારપેટ ....કારપેટ ....કારપેટ ....**


અમારે ત્યાં નવીન ડિઝાઈન અને કલરમાં દરેક પ્રખ્યાત કંપનીની કારપેટ ખરીદવા માટે પધારો....

### લકી કારપેટ સેન્ટર

C/o. **મહેબૂબભાઇ ભાઇસાહેબ** ફોન : ૨૫૮૦૫૬૬
વાયડા પોલના નાકે, વાડી, ચોખંડી, વડોદરા. ★

## Zenith

HEARING AIDS BY ELKON    audifon



AM    unitron hearing

**100 % DIGITAL INVISIBLE ITC & CIC**

" NATIONAL PLAZA "
Alkapuri, R.C Dutt Rd.,
Ph 2354118, 2342884
" THE EMPEROR"
Fatehgunj Main Road Ph : 2787744
" SHIPRA"
Nr. New Alka Restaurant
Old Padra Road Ph.: 2252266
"KEDAR"
1st Flr. Nr. Laheripura Gate, Ph.2422307

**આઁખ, ઈન્સાનના દિમાગની બારી છે, જેટલું ભલું જોશે એટલું ભલું સોચશે.**

# -::: દીવાને મૌલાના અલી (અ.સ.) :::-

**વાઅબુદ ઇલાહકા ઝલ અઆરેજે મુખ્લેસન**
**વન્સિત ઇલલ અમ્સાલે ફીમા તુઝરબો.**

***તરજુમો :*** તું તારા ખુદાની ઈખ્લાસથી બંદગી કર જે દરજાવાલો છે અને કુરઆનની મિસાલોને (ઓઠાઓ) જે બયાન કરવામાં આવેલા છે તેને ચુપકીદીથી સાંભલ.

***તશ્રીહ :*** મૌલા અલી (અ.સ.) અલ્લાહતઆલાની ઈબાદતમાં ઈખ્લાસની વાત કરે છે. દીને ઈસ્લામ દીને ઈખ્લાસ છે. સૂરતુલ બૈયેનાહમાં અલ્લાહતઆલા ઈખ્લાસથી ઈબાદત કરવાનો હુકમ કરે છે. જે શખ્સ દિલની ચોખ્ખાઈ અને સફાઈ બિના ઈબાદત કરે તે દીનદાર નથી. જે દીનદાર નથી તે બદ્દીન છે. દીન તે બહેતરી સિવાય બીજું કઈ નથી, જેને ખૈર કહેવામાં આવે છે. ખૈરના લોગો તે નબીયુલ્લાહ મોહંમદ (સ.અ.) અને આપની આલે અબરાર છે. સાબિત થયું કે, જેના હાથમાં આલે રસૂલ અને અહલેબૈતનું દામન છે, તે ખૈર પર છે અને જે ખૈર પર છે તે દીનદાર છે અને જે દીનદાર છે તે દિલની તહારતથી ઈબાદત કરનાર છે અને જેની આ કૈફીયત હોય તો જ તેનો દુનિયામાં આવવાનો મકસદ પૂરો થાય છે. આપ મૌલા ફરમાવે છે કે, **આ ઇબાદત કરવામાં અને કરાવવામાં અલ્લાહતઆલાએ કુરઆને કરીમમાં મિસાલોને બયાન કીધેલી છે,** જેની ખુલ્લી બાહરી માઅના અને અંદરૂની માઅનામાં ફરક હોય છે. આ મિસાલોની અંદરૂની માઅના તે જ શખ્સ સમઝી શકે જે હક્કના ઈલ્મના લોગોની મજલિસમાં બેસે અને સોહબતે નૈક હાસિલ કરે.

સૂરતુલ અન્કબૂતમાં અલ્લાહતઆલા માકડીની ઝિક્ર કરે છે. માકડી એક હલકું અને માઅમૂલી જાનવર છે, મગર તે તેનું ઘર બનાવવામાં ઘણી મહેનત કરે છે. તમામ ઘરોમાં હલકું અને સાદું માકડીનું જ ઘર છે. એક સાદા-સમઝ અને આમ ફહેમ ઈન્સાન જે વક્ત આ સૂરત પઢે તો તેમાં ફક્ત એક જ આયતમાં માકડા અને તેના ઘરની ઝિક્ર પઢે તો એ ઝરૂર તઅજ્જુબ કરે અને એના દિલમાં ઝરૂર સવાલ પૈદા થાય કે, ભલા અલ્લાહતઆલાએ એક માંકડા અને તેના ઘરની ઝિક્રને વાસ્તે પૂરી એક સૂરત નાઝિલ કીધી ! પઢનારને કહાઁ ખબર છે કે, આ તો અલ્લાહતઆલાની લોગોને વાસ્તે હિદાયતનો એક અજીબો ગરીબ ઈલાહી અંદાઝ છે. **માકડાની ઝિક્ર તો એક ઓઠું છે પણ તેમાં છુપેલા ભેદ-ભરમ અને બાતિનના ઇશારા ઘણા ગહેરા છે.** ભલા જે ચીઝમાં અલ્લાહની હિકમત, ઈરાદો અને હિદાયત ન હોય એવી ચીઝ અલ્લાહ કેમ પૈદા કરે અને એની ઝિક્ર પોતાની કિતાબમાં કેમ કરે ? લેહાઝા મૌલા અલી (અ.સ.), અલ્લાહના મુખ્લિસ બંદાને હિદાયતની દાઅવત દઈને ફરમાને આલી કરે છે કે, અય ભલા ઈઝઝતદાર ભાઈ ! આ જહાનમાં અલ્લાહતઆલાની અજાએબાત ની પૈદાઈશની બેશુમાર મિસાલો છે. તે સમઝવા વાસ્તે તું પહેલા ચુપકીદી-સુકૂન ઈખ્તિયાર કર અને સાચા-સાફ ઈલ્મના સાહબને પૂછીને એના અંદરૂની માઅના-મકસદને જાણ જેનાથી ઊંચા દરજાવાલા અલ્લાહની ઈબાદત તુ ખરેખર ઈખ્લાસથી કરી શકે. ★

**નોંધ : મિશ્કાતુલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુબંઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★